

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સરદારે કુનેહનીતિથી દેશને મંડિત કર્યો*
*છોટે સરદારે અનીતિથી દેશને ખંડિત કર્યો*
*ને ઉદંડિત થાય છે રાજ્યો ધારા-ધોરણ સામે*
*સ્વાર્થ કાજે તટસ્થ સંસ્થાનો મોભો કલંક્તિ કર્યો*
*(મમતા - ચંદ્રબાબુએ શિંગડાં ભરાવ્યાં)*

હાઈકુ

*સીબીઆઈને*
*હવે રાજ્યોમાં થઈ*
*પ્રવેશબંધી!*

*થૈ મરવાની -*
*લ્યો ! 'ઘો' હવે પ્હોંચી છે*
*વાઘરી વાડે*

### ચિંતન

**મોહ એવ મહામૃત્યુર્મુમુક્ષોર્વપુરાદિષુ ।**
**મોહો વિનિર્જિતો યેન સ મુક્તિપદમર્હતિ ॥**

ઉપરોક્ત શ્લોક મુક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મોક્ષાર્થી માટે શરીર વગેરેમાં મોહ જ મહામૃત્યુ છે. જેણે મોહ જીત્યો તે જ મુક્તિપદ મેળવવાને યોગ્ય બને છે.

પોતાનું શરીર, ઈન્દ્રિયો, ભોગવિલાસ અને ભૌતિકસુખો એ બધું 'શરીર' માટે છે. શરીર મુક્તિ-મોક્ષ માટેનું સાધન છે ભોગ-વિલાસ ભોગવવાનું સાધન નથી. એનો જે સદુપયોગ સમજી શકે તેજ મુક્તિને માર્ગે ચાલી શકે અને મોક્ષ પામી શકે.

### સુવિચાર

- દુન્યવી મોટા ભાગના સંબંધોનો શ્વાસ 'સ્વાર્થ' હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આફતનો લાગતો પહાડ બરફનો બનેલો હોય છે - **નમ્રમુનિ મ.સા.**
- પ્રેમનું સર્જન કરો, બીજા તમને પ્રેમ કરશે તેની રાહ ન જુઓ - **અખંડ આનંદ**
- તાપને તપમાં બદલી શકે તે જ્ઞાની - **દાદા ધર્માધિકારી**
- મૈંને અપની ખ્વાહિશોં કો દીવાર મેં ચુનવા દીયા,
  ખામખાં ઝીંદગી મેં અનારકલી બનકે નાચ રહી થી - **દિલનાઝ પટેલ**
- બીજાની ઉદારતાને પોતાની લાયકાત સમજી લેવાથી અભિમાન જાગે છે - **રમેશભાઈ ઓઝા**
- આજનું ઔષધ : ચણાના લોટમાં દૂધ તથા કોપરેલ મેળવીને કાયમ સ્નાન કરવાથી શરીરનો રંગ ગોરો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા પોતાની પ્રજાનું ખૂબ ધ્યાન રાખતો હતો. પણ તેનામાં એક ખામી હતી. કે તે જયારે પણ કોઈને કામ સોંપતો ત્યારે તેને એ અહેસાસ કરાવતો હતો કે પોતે જ સર્વેસર્વા છે અને અન્ય તમામ તેના નોકર છે. રાજાના આદેશનું પાલન લોકો દિલથી ન કરતાં પણ મન મારીને કરતા હતા. રાજાના આવા વર્તનને કારણે લોકોમાં તે ધીમે ધીમે અપ્રિય થઈ રહ્યો હતો. રાજાને આ વાતનો ખ્યાલ આવી ગયો. તે રાજગુરુ પાસે ગયો અને રાજય ચલાવવા માટે પરામર્શ આપવા કહ્યું. રાજગુરુ રાજાની ખામીથી પરિચિત હતા. તેમને રાજાને કહ્યું, 'રાજન, તમારી આદેશ આપવાની રીત એવી હોય કે તેનું પાલન કરનારને પાલન કરતી વખતે ભાર ન લાગે, આદેશ આપવાથી ભય પામનારો વ્યક્તિ તમારા વિશે સારું કદી નહીં વિચારે. આદેશ પાલન કરનારો હીનભાવના ન અનુભાવે અને તે ખુશી-ખુશીથી કાર્યને અંજામ આપે તે સુશાસનની સારી નિશાની છે.' રાજાને રાજગુરુની વાત ગળે ઉતરી અને તેણે પોતાની ખામી દૂર કરવા નિર્ણય કર્યો.

# મરાઠા અનામત ગુજરાત માટે મુસીબતો સર્જશે

**તંત્રીસ્થાનેથી...**

જેમ જેમ ૨૦૧૯ની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ સત્તાલક્ષી નિર્ણયો લઈ સત્તાસ્થાને રહેલ પાર્ટી પોતાની ઈમેજ વધારવા કોશિશ કરતી રહે છે. ભારતીય જનતા પાર્ટી માટે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વરદાન બનીને આવી હતી. પાંચ વરસ પછીની લોકસભાની ચૂંટણી એના માટે પડકાર બની રહેશે એ વિશે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ભ્રમમાં નથી. બેઉ માટે એમના રાજકીય વજૂદનો સવાલ પણ છે જ. અત્યારે હજી બાંધી મૂઠી લાખની છે, પરંતુ જે પ્રકારનાં એંધાણ વરતાઈ રહ્યાં છે તે જોતાં તો એમ જ લાગે કે સત્તાધીશો માટે હવે સીધાં અને કપરાં ચઢાણ શરૂ થઈ રહ્યાં છે. અયોધ્યામાં રામમંદિરના નિર્માણના સંકેતો હોય કે જમ્મુ અને કાશ્મીરની સરહદે લાઈન ઑફ કંટ્રોલ ઓળંગી પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક કરી દેશભક્તિનો પરચો આપવાની વાત હોય - ભારતીય જનતા પાર્ટી એવી એક પણ તક જતી કરવા નથી માગતી જે એના વજૂદને ટકાવી રાખવામાં મદદરૂપ બની શખવાની સંભાવના ધરાવતી હોય છે. દરેક રાજયમાં એની સામે અલગ-અલગ પડકાર છે. ઉત્તરપ્રદેશ અને હિંદી બેલ્ટને એના પ્રશ્નો છે. મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માગણી છે, ગુજરાતમાં પાટીદારો અનામત માગે છે. સમાજશાસ્ત્રીઓ અલગ અલગ મંતવ્યો દર્શાવતા રહે છે પરંતુ એક વાર ઊભું થયેલું વાવાઝોડું કશુંક તો નુકશાન કરીને જ જંપે છે. રાજસ્થાન સહિતના પ્રદેશોમાં જાટ અનામતની માગણી હોય કે ગુજરાતમાં હાર્દિક પટેલને કાચી વયે રાજકીય ફલક પર ઊંચકનારું પાટીદાર અનામત આંદોલન : એનાં ઓછાંવત્તાં હાનિકારક પરિણામો તો સત્તાધારી વર્ગને ભોગવવાં જ પડ્યાં છે. ગુજરાતમાં મૃતપ્રાય થઈ ગયેલ કોંગ્રેસને બેઠી કરવામાં પાટીદાર અનામત આંદોલનનો ફાળો નકારી શકાય એમ નથી. મહારાષ્ટ્રમાં ખમતીધર ગણાતી મરાઠી લોબી રાજકીય ક્ષેત્રે દબદબો જાળવતી રહી છે. શરદ પવાર અને એમના પૂર્વસૂરિ વસંતદાદા પાટીલ મરાઠા નેતાઓ તરીકે ખૂબ જ લોકપ્રિય સાબિત થયા. એમનાથી પહેલાં યશવંતરાવ ચવ્હાણ અને એસ.બી. ચવ્હાણ પણ લોકપ્રિય નેતાઓ તરીકે સ્થાપિત થયા હતા. રાષ્ટ્રીય રાજકારણમાં મરાઠા લોબી અસરકારક રોલ ભજવતી રહી છે. અત્યારે કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ અશોક ચવ્હાણ ભૂતપૂર્વ ગૃહપ્રધાન શંકરરાવ ચવ્હાણના સુપુત્ર છે અને વિવાદાસ્પદ હોવા છતાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે રહી ચૂક્યા છે. અન્ય એક ભૂતપૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી વિલાસરાવ દેશમુખ પણ મરાઠા જ હતા. આવી મજૂત કોમ જયારે અનામતની માગણી કરતી હોય ત્યારે સરકારે વાણિયા મૂઝ નીચી રાખીને એને અનુકૂળ થશે જ છૂટકો. મહારાષ્ટ્રના વર્તમાન મુખ્યમંત્રીએ આવું જ નરમ વલણ અપનાવી મરાઠાઓને અલગ કેટેગરીમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તરીકે અનામત આપવાની જાહેરાત કરવી પડી છે. આ એમની રાજકીય લાચારી છે. સુપ્રીમ કોર્ટના આદેશ કે કેન્દ્રીય પછાતવર્ગ પંચના નિયમોને અવગણીને આવો નિર્ણય અમલી બનાવનાર ભારતીય જનતા પાર્ટીની રાજય સરકાર મહારાષ્ટ્રમાં સતત વધતા જતા શરદ પવાર અને કોંગ્રેસના વર્ચસ્વને ખાળવા માગે છે. એમાં એને કેટલી સફળતા સાંપડશે એ તો સમય જ કહેશે પણ મહારાષ્ટ્ર સરકારના આ નિર્ણયના પડઘા પાડોશી રાજય ગુજરાતમાં જરૂર પડશે અને થોડું નબળું પડી ગયેલું પાટીદાર અનામત આંદોલન બમણા જોર સાથે મેદાનમાં આવી જશે એવી આગાહી જરૂર કરી શકાય.

# સર્વ ધર્મ સમભાવના - માનવતાનાં અજવાળાં



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

પાંચ વર્ષની ઉંમરના બાળકને એના પિતાજીએ એક મૌલવી પાસે ભણવા માટે મોકલ્યો. મૌલવી એનો ચહેરો જોતો જ રહ્યો. ચહેરા પરની આભા જોઈને દંગ થઈ ગયો. અજબ નૂર ઝલકતું હતું એ ચહેરા ઉપર. મૌલવીએ એ બાળકને ૐ શબ્દની આગળ ૧ લખી દીધો. મૌલવી પેલા બાળકને લઈને એના પિતાજી પાસે પહોંચ્યો ને કહ્યું, 'આ બાળકમાં તો દેવતાઈ નૂર છે. એને હું શું ભણાવવાનો ? એક દિવસ આ બાળક સમગ્ર સંસારને જ્ઞાન આપશે.'

ભવિષ્યવાણી સાચી પડી. એ બાળક મોટો થતા વિશ્વભરમાં ગુરુ નાનક સાહેબ નામે જાણીતો થયો. એમનો જન્મ થયો ૧૫ એપ્રિલ ૧૪૬૯ કાર્તિકી પૂર્ણિમાના દિવસે તલવંડી ગામમાં પિતા કલ્યાણચંદ્ર (મહેતાકાલુ) અને માત તૃપ્તા દેવી. રાવી નદીના કિનારે બાળપણ વીત્યું. એમની બહેનનું નામ હતું નાનકી. નાનકને બચપણથી જ સાંસારિક વિષયોમાં રસ-રૂચિ ન હતા.

૭-૮ વર્ષની આયુમાં સ્કૂલ છૂટી ગઈ, કારણ કે ઈશ્વર પ્રાપ્તિ વિશે નાનકે પૂછેલા પ્રશ્નોના જવાબો આપવામાં એના શિક્ષક હારી ગયા અને સામાન સાથે ઘરે મુકી ગયા. પરિણામે નાનક હવે પુરો સમય આધ્યાત્મિક ચિંતન અને સત્સંગમાં વ્યતિત કરવા લાગ્યા. બાલ્ય અવસ્થામાં જ નાનકે ફારસી અને અરબી ભાષા શીખી. ૧૪૮૭માં એમના લગ્ન થયા - બે બાળકો પણ થયા.

ગુરુ નાનકે પોતાના કાર્યને આરંભ મરદા સાથે સાથે મળીને કર્યો. જાતિભેદ, મૂર્તિપૂજા અને અંધવિશ્વાસ સામે પ્રચાર કર્યો. ઘર છોડીને સન્યાસી રૂપે રહ્યા. હિંદુ-મુસ્લિમ બંને ધર્મના વિચારોને સમ્મિલીત કરીને નાનક સાહેબે એક નવા ધર્મની સ્થાપના કરી જે પછીથી શીખ ધર્મના નામે ઓળખાયો.

તેઓ હિંદુ-મુસ્લિમ એકતાના સમર્થક હતા. તમામ ધર્મના લોકો એમના શિષ્યો બન્યા. ભારતમાં પોતાના વિચારોની જયોતના અજવાળા પાથરીને તેઓ મક્કા ગયા. એ પછી ૨૫ વર્ષ ભ્રમણ કર્યા બાદ તેઓ કરતારપુરમાં સ્થાયી થયા. પહેલીવાર નાનક સાહેબ યાત્રાએ નીકળ્યા ત્યારે એમના ચાર સાથી મરદાના, બાલા, લહના, રામદાસ એમની સાથે હતા. ગુરુ નાનકે સ્થાપેલ શીખ ધર્મના પાયામાં સેવા અર્પણ - કીર્તન - સત્સંગ અને એક સર્વ શક્તિમાન ઈશ્વર છે. લંગરની પરંપરા એમને શરૂ કરી, જયાં ભેદભાવ વિના બધાને ભોજન પીરસાય છે. એમનું જન્મ સ્થાન જે આજે પાકિસ્તાનમાં છે તે પછીથી નનકાના સાહિબ નામથી જાણીતું થયું. ભારત-અફઘાનિસ્તાન, સહિતના મુખ્ય મુખ્ય સ્થાનોમાં તેમણે કરેલી યાત્રાને પંજાબીમાં ઉદાસીર્યા કહે છે.

તત્કાલીન રાજનીતિ, ધાર્મિક અને સામાજિક સ્થિતિને લક્ષમાં લઈ સમાજમાં ફેલાયેલી કુરીતિઓનો વિરોધ કર્યો.

અંતિમ દિવસોમાં તેઓ કરતારપુરમાં પોતાના પરિવાર સાથે રહ્યા. અને ૨૨ સપ્ટેમ્બર ૧૫૩૯ના રોજ એમનો દેહ શાંત થયો. મૃત્યુ પહેલા તેઓએ શિષ્ય લહનાને ઉત્તરાધિકારી તરીકે નમ્યો જે પછીથી ગુરુ અંગદદેવ નામે જાણીતા થયા.

સૂફી કવિની શ્રેણીમાં આવે એવી રચનાઓ લખનાર નાનક સાહેબની કવિતામાં ફારસી - મુલતાની - પંજાબી - સિંધી, અરબી શબ્દો સરળતાથી સમાઈ જતા, ગુરુ ગ્રંથ સાહેબમાં ૯૭૪ શબ્દ છે. જે ગુરુવાણીમાં સામેલ છે.

ગુરુ નાનકે લખેલા અનેક પદ-દોહા પ્રચલિત છે જે જીવન જીવવા માટે ઉત્તમ સંદેશ બની રહે છે.

હરિ બિનુ તેરો કોન સહાઈ
કાકી માત પિતા સુત બનિતા,
કો કાહુકો ભાઈ
તન છુટૈ કુછ સંગ ન ચલૈ,
કહા તાહિ લપટાઈ....
અને
નાનક ભવજલ પાર પરૈ જો ગાવે પ્રભુ કે ગીત

જેવા અનેક પદોમાં એમની વિચારધારા વહી છે.

ઈશ્વર કણ કણમાં વ્યાપ્ત છે, જયાં નજર પડે ત્યાં ઈશ્વર ચે એ વિચારધારાને આજે યાદ કરીએ ત્યારે ગુરુ નાનક દેવના વિચારો આપણી આસપાસ સર્વ ધર્મ સમભાવના - માનવતાના અજવાળા રેલાવે છે.

●●●

એક ઓંકાર, સતિનામ, કરતા પુરખુ નિરભઉ
નિરબૈર, અકાલ મૂર્તિ, અજૂની, સૈમં ગુરુપ્રસાદી

ભગવાન એક છે, જે નિર્માણ કરે છે જે નીડર છે, જેના મનમાં વેર નથી, જેનો કોઈ આકાર નથી, જે જન્મમૃત્યુથી પર છે, જે સ્વયમ્ પ્રકાશમાન છે, તેના નામના જાપથી આશીર્વાદ મળે છે.

- ગુરુનાનક

# પરલ્યાં વૈજનાથં - નાગેશં દારુકાવને - જયોતિર્લિંગ યાત્રા

**સૌરાષ્ટ્રે સોમનાથં ચ શ્રી શૈલે મલિક્કાર્જુનમ્ ।**
**ઉજ્જૈયિન્યાં મહાકાલં, ઓમકારં મમલેશ્વરમ્ ॥**
**પરલ્યાં વૈજનાથં ચં ડાકિન્યાં ભીમશંકરમ્ ।**
**સેતુબંધ તુ રામેશં નાગેશં દારુકા વને ॥**
**વારાણસ્યાં તુ વિશ્યેશં ત્ર્યંબકં ગૌતમી તટે ।**
**હિમાલયે તુ કેદારં ધૃષ્ણેશં શિવાલયે ॥**
**એતાનિ જયોતિર્લિંગાનિ સાયંપ્રાતઃ પઠેન્નરઃ ।**
**સપ્તજન્મકૃતં પાપં સ્મરણેન વિનશ્યતિ ॥**

આપણા સૌની મનોકામના હોય છે કે, જીવનમાં આ બાર જયોતિર્લિંગના દર્શન તો કરવા જ. અને આ જ સંકલ્પ સાથે વિક્રમ સંવત ૨૦૭૫ના પ્રારંભે ત્રણ જયોતિર્લિંગની યાત્રાનો દર્શનનો અવસર સાંપડ્યો. ગમતાનો ગુલામ, દર્શનનો પ્રસાદ આપની સમક્ષ પીરસ્યા વગર તો કેમ રહી શકાય ! નવવર્ષના પ્રારંભે નાગેશં તુ દારુકવાને, પરષ્યાં વૈજનાથ અને શ્રી શૈલે મલ્લિકાર્જુનમ્ આ ત્રણ - ત્રણ જયોતિર્લિંગના દર્શનનો લ્હાવો સાંપડ્યો...

ભગવાન શિવની કૃપા મહારાષ્ટ્ર પર વિશેષ છે. પાંચ - પાંચ જયોતિર્લિંગ અહીંયા છે. ઔઢ્યા નાગનાથ જવા માટે અહીંથી અકોલા સુધી રેલમાર્ગે ગયા પછી, ત્યાંથી આશરે ૧૫૦ કિ.મી. મોટર માર્ગે જવું પડે છે. મહારાષ્ટ્રના મરાઠાવાડા વિભાગમાં પરભણી જિલ્લામાં પૂર્ણા-હિંગોલી રેલમાર્ગ પર ઔઢ્યા ગામ આવેલ છે.

અહીં રહેવા માટે નાની-મોટી લોજ છે, પરંતુ વધુ સુવિધા સંપન્ન યાત્રીસ્થાન નથી.

દારુકા નામક રાક્ષસીએ માતા પાર્વતીની અથાક્ આરાધના કરી અને તેમને પ્રસન્ન કર્યા... માતાએ વરદાન માંગવા કહ્યું, અને દારુકાએ પોતાની માટે એક એવું સ્વતંત્ર વન માંગ્યું, જયાં કોઈ દેવી-દેવતાઓનો ભય ન હોય. મા પાર્તવીએ 'તથાસ્તુ' કહી વરદાન આપી દીધું.

ત્યારબાદ તો દારુકા અને તેના પતિ રાક્ષસ દારુકે અત્યાચારની માઝા મૂકી દીધી. ઋષિ-મુનિઓ અને ભક્તોને પકડી પકડીને તેમણે આ વનમાં બંદી બનાવી દીધા, આ બંદીજનોમાં એક સુપ્રિય નામ શિવભક્ત પણ હતો, તેણે શિવ-આસ્થા ન ત્યજતા એક સ્વરે 'ૐ નમઃ શિવાય' ના જાપ ચાલુ રાખ્યા અને અન્યોને પણ શિવ-સ્મરણ કરવા પ્રેર્યા.

ભક્તોનો આર્તસ્વર શિવજીને કાને પહોંચ્યો. અને શિવજીએ ત્યાં આવીને રાક્ષસોને હણીને ભક્તોને સંકટમુક્ત કર્યા. તે સમયે કૈલાશથી મૃત્યુલોક પર આવેલા શિવજીની જયોતિર્મય મૂર્તિને પાતાલમાંથી ચારે બાજુથી નાગોએ આવરણ કરી દીધું. માટે અહીં ભગવાનને નાગેશ કહેવામાં આવે છે.

ખૂબ સુંદર મંદિરનું પ્રાંગણ છે, દીવારો ઉપર હાથી, કમળ, યતિ જેવી સુંદર મૂર્તિઓ કોતરાયેલી છે. એક બાજુ રીસાયેલા પાર્વતીને મનાવતા શિવજીની સુંદર મૂર્તિ કોતરેલી છે. મંદિરના મધ્ય મંડપ આઠ સ્તંભ પર બનેલ છે. નાગેશ (શિવ) ની મુખ્ય લિંગમૂર્તિ નાના ગર્ભગૃહમાં રાખવામાં આવી છે. નાનકડી ગુફા જેવી એક પગથિયાં જેટલું નીચે ઉતરીને મુખ્ય લિંગના દર્શન કરવા પડે છે, ખૂબ જ સુંદર વાતાવરણ અને છેક ગર્ભગૃહ સુધી જઈને શિવ સામીપ્યનો અનુભવ કરી શકાય છે. ઔઢા નાગનાથથી લગભગ બીજા ૧૫૦ કિ.મી. મોટર રસ્તે જઈને એટલે પરલી શહેર આવે છે. જયાં વૈજનાથ ભગવાન વિરાજમાન છે. મરાઠાવાડનાં બીડ જિલ્લામાં પરલી સ્થિત છે.



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

ઔઢા નાગનાથમાં 'નાગેશં તુ દારુકાવને' પ્રમાણે ઉત્તરાખંડના અલ્મોડામાં 'જાગેશ્વર' જગ્યા છે. ગુજરાતમાં 'દ્વારકા' પાસે પણ 'નાગેશ્વર' જગ્યા છે. માટે આ જયોતિર્લિંગ માટે બીજી બે જગ્યાઓ પણ માનવામાં આવે છે, પરંતુ મંદિરની નક્કાશી તથા તે સ્થળના પૌરાણિક તથ્યો જોતા 'ઓઢા' સ્થિત 'નાગેશ' જ જયોતિર્લિંગ તરીકે વધુ પ્રમાણભૂત લાગે છે.

તેવી જ રીતે વૈજનાથ માટે પણ સ્થળની ભ્રમણા પ્રવર્તે છે. ઘણા વિદ્વાન બિહારના સંથાલ પ્રાંત પાસે દેવધર નામક ગામમાં શ્રી વૈદ્યનાથ ને જ પાંચમું જયોતિર્લિંગ ગણે છે.

તો વળી શિવપુરાણના આધાર પર સિદ્ધેશ્વર શાસ્ત્રીએ શ્રી વૈજનાથને શિવનો અવતાર માનીને ચિત્તાભૂમિમાં જ રાવણ માટે પ્રકટ થયેલા પરલીના વૈજનાથ જ હતા તેમ નિઃસંકોચ લખ્યું છે.

પરંતુ આ બંને વાતોનું ખંડન 'આનંદ રામાયણ' ના યાત્રાકાણ્ડ અંતર્ગત શ્રી રામની દક્ષિણ યાત્રાના વર્ણનથી થઈ જાય છે, જેમાં પંઢરપુર ક્ષેત્રમાં ભગવાન પાંડુરંગ અને તુલજાપુર ક્ષેત્રની તુલજાભવાની નામ ઉદ્ધૃત કર્યા પછી વૈજનાથ અને નાગનાથ આ બંને જયોતિર્લિંગનો નામોલ્લેખ છે. આ ઉપરાંત પૂર્ણા અને ગોદાવરી નદીઓની સાથે સાથે 'આંબેજોગાઈ' સ્થળનો પણ ઉલ્લેખ છે. આથી એ તો સ્પષ્ટ જ છે કે પરલી ક્ષેત્ર એટલે મહારાષ્ટ્ર પરલી પ્રદેશની જ વાત છે.

અહીં ભગવાન શંકર માતા પાર્તવી સાથે નિવાસ કરે છે, માટે આ ક્ષેત્રને 'અનોખી કાશી' પણ કહે છે.

કહેવાય છે કે આંબેજોગાઈના યોગેશ્વરી દેવીનો વિવાહ પરલીના વૈદ્યનાથ સાથે નક્કી થયો પરંતુ જાનૈયાઓએ ત્યાં પહોંચવામાં વિલંબ થયો અને યોગેશ્વરી દેવી પણ પરલીથી બે જોજન દૂર રહી ગયા.

આ ઉપરાંત પુરાણ સમયમાં દેવ-દાનવોને અમૃતપ્રાપ્તિ માટે સમુદ્રમંથન કર્યું. સમુદ્રમંથનમાંથી ૧૪ રત્ન નીકળ્યા. આમાં ધન્વંતરી પણ નીકળ્યા. આ રત્નો દાનવોને હાથમાં ન આવે માટે વિષ્ણુએ ધન્વંતરીને શ્રીવિષ્ણુએ અમૃત સાથે પરલીના જયોતિર્લિંગમાં સંતાડ્યું, દાનવોને ખબર પડતા જ તેઓ ત્યાં આવીને જેવા શિવલિંગને હાથ અડાડીને અમૃત લેવા ગયા તે જ સમયે જવાળાઓ નીકળવા લાગી. પરંતુ શિવભકતોના સ્પર્શથી શિવલિંગમાંથી અમૃતધારા વરસવા લાગી. ત્યારથી આ શિવલિંગને સ્પર્શ કરીને જ દર્શન કરવાની પ્રથા શરૂ થઈ.

પરલી વૈજનાથ અને ઔઢા નાગનાથ આ બંને જયોર્તિલિંગની ગર્ભદ્વારમાં જઈને શિવલિંગને સ્પર્શ કરીને પૂજા કરવાનો અનોખો લાભ પ્રાપ્ત થયો...

પરલીમાં ખૂબ મોટો થર્મલ પાવર પ્લાન્ટ છે. અને આ ક્ષેત્ર 'ઔઢા' કરતા વધુ વિકસિત છે. રહેવા માટે ઘણી સારી વ્યવસ્થા અહીં છે. પરલી જંકશન હોવાથી આવાગમન માટે ઉત્તમ રેલવ્યવસ્થા પણ પ્રાપ્ય છે.

(ક્રમશઃ)

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# જેને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી એ નાસ્તિક છે...



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જેને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી એ નાસ્તિક છે. આ વાચીને ચોકી જવાય પણ એ વાત સો આની સાચી છે. માનસિક રીતે હડબડાયેલા, અસ્પષ્ટ અને બીજાના વિચારોને પકડી રાખનારામાં આત્મવિશ્વાસ નથી હોતો. ગમે એટલા ભગવાન ભજતા હોય કે બંદગી કરતા હોય પણ મન – હૃદયથી તો આવા વ્યક્તિઓ નાસ્તિકની કેટેગરીમાં જ આવે. ઉપરવાળો પણ પોતાની જાત ઉપર ભરોસો કરનારા સાથે હોય છે.

ગુરુશરણ જ્યોતની વાત છે. બે અઢી દાયકા પહેલાં પંજાબના ગુરદાસપુરનું નુરપુર નામના નાનકડા ગામમાં ગુરુશરણ જ્યોતનો જન્મ થયો. ગુરુશરણને નાનપણથી જ ગીતો ગાવાનો જબરો શોખ. ગામડામાં ગીત-સંગીતના કોઈ પદ્ધતીસરની તાલીમ એને મળી શકે એમ નહતી. એ ત્રીજા ધોરણમાં ભણતો હતો ત્યારે એક વાર એની સ્કૂલમાં સીંગીંગ કોમ્પીટીશન યોજાઈ. આ સ્પર્ધામાં એણે પંજાબીમાં પાંચ ગીતો ગાયા. ગુરુશરણનો આ સીંગીંગ કોમ્પીટીશનમાં ત્રીજો નંબર આવ્યો. સંગીત ક્ષેત્રે આગળ વધવાની આ બાળકની પ્રબળ માનસિક ઈચ્છાને અહિંથી બળ મળ્યું. સાત વર્ષનો તથાં સુધીમાં તો, ગુરુશરણે ગીત લખવાનું પણ શરૂ કરી દીધું. ગીત-સંગીતમાં ઊંડો રસ હોવા છતાં ભણવામાં પણ આ છોકરો ઘણો હોંશિયાર હતો. નાનકડાં નુરપુર ગામથી દિલ્હી આવીને એણે ઉચ્ચ અભ્યાસ કર્યો. સાથે સાથે ગીતો લખવાનું અને ગાવાનું તો ચાલુ જ રાખ્યું. શહેરોની ઝાકઝમાળ અને સવલતોથી અજાણ એવા ગુરદાસપુરના નાનકડા ગામમાં તકલીફોમાં ઉછરેલું આ બાળક બીજું કોઈ નહિં પણ વિશ્વપ્રસિદ્ધ પંજાબી હોટ સીંગર સ્ટાર ગુરુ રંધાવા.

આજે ગુરુ રંધાવાના 'તું બનતા મેરી રાની..., એકે-૪૭, હાઈ રેટેડ ગભરુ...' જેવા ગીતોથી દેશવિદેશમાં ભારે ધૂમ મચાવે છે. એના 'હાઈરેટેડ ગભરુ' આલ્બમને વિશ્વભરમાં ૩૨૦ મિલિયન લોકોએ સોશ્યલ મીડિયા પર માણ્યું છે. યુવા દિલો પર રાજ કરનાર ગુરુ રંધાવા એક જમાનામાં ગ્રામ્ય વાતાવરણમાં શહેરની દુનિયાથી દૂર જીવન ગુજારતો હતો પણ સંગીત ક્ષેત્રે આગળ વધવાના એના આત્મવિશ્વાસના કારણે આજે એ યુવા દિલોની ધડકન બની ગયો છે. બાળપણમાં ગાયક બનવાના દ્રઢ નિર્ધાર સાથે આગળ વધેલાં ગુરુ રંધાવાની પ્રગતિના મૂળમાં અખૂટ આત્મવિશ્વાસનો ખજાનો છે.

સફળ થવા માટે સપના જોવા એ એક વાત છે, અને સફળ બનવા માટે આત્મવિશ્વાસપૂર્વક સખત પરિશ્રમ કરવો બીજી વાત છે. દુનિયામાં એવા ઘણાં લોકો હોય છે જે માત્ર મોટી મોટી વાતો કરે છે અને ઊંચા ઊંચા સપના જોયા કરે છે પણ એમનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. પરંતુ ગુરુ જેવા લોકો એડવર્સિટીને પણ આત્મવિશ્વાસથી ઓપોર્ચ્યુનિટીમાં પલટાવી નાખતાં હોય છે.

> **હથેળી પર રખકર નસીબ હર શખ્સ અપના નસીબ ઢુંઢતા હૈ**
> **શીખો ઊસ સમુંદરસે જો ટકરાને કે લીયે પથ્થર ઢુંઢતા હૈ**

હથેળીની રેખાઓમાં ભવિષ્ય જોનારાઓ હંમેશા ભટકી જતાં હોય છે. પોતાના ઉપર ભરોસો રાખનારાઓ માટે આત્મવિશ્વાસ ગજબની તાકાત બની જાય છે. અન્યના ભરોસે રહેવાની આદત માણસની સૌથી મોટી કમજોરી હોય છે. રોજ સવારે ઊઠીને હરણ મનમા આત્મવિશ્વાસ ભરતું હોય છે કે, મારે સિંહથી વધારે તેજ રફતારથી દોડવાનું છે. જો એ એમ નહીં કરે તો. સિંહ એનો કોળીયો કરી જશે. જ્યારે સામે પક્ષે સિંહ પણ આત્મવિશ્વાસપૂર્વક વિચારતો હોય છે. મારે હરણથી ફાસ્ટ દોડવાનું છે. નહીં તો એ ભૂખ્યો મરી જશે. સવાલ એ નથી કે, તમે હરણ છો કે સિંહ. એનાથી કોઈ ફરક નથી પડતો. મહત્ત્વની બાબત આત્મવિશ્વાસ છે. મોરલ ઈઝ, 'આત્મવિશ્વાસનું તત્ત્વ' જીવન જીવવાનું સાચું સત્વ છે.

આત્મવિશ્વાસ વ્યક્તિને દુનિયાની તમામ તકલીફોને હરાવવાની શક્તિનો અહેસાસ કરાવે છે. કોઈપણ કક્ષા નક્કી કરવાની ભૂલ ક્યારેય ન કરવી જોઈએ. કક્ષા નક્કી કરવાથી વ્યકિત પોતાની જાતને મર્યાદાઓમાં બાંધી દે છે. જેમ આકાશને કોઈ મર્યાદા નથી અને જેમ સાગરને કોઈ સીમા નથી એમ કોઈ પણ સીમા રેખાના દાયરામાં બંધાવવાની ઝંઝટમાં ક્યારેય પડવાની જરૂર નથી. તમે ક્યાંથી આવ્યા છો એ અગત્યનું નથી. તમે ક્યાં જવા માંગો છો એ જ સૌથી મહત્વની વાત છે. ભવિષ્યના લક્ષ્ય નિર્ધારણ પહેલાં મનોમન આત્મવિશ્વાસનો ટ્રેક પાકો કરી લેવાનો રહે.

ઓરેકલના સહ સ્થાપક અને અધ્યક્ષ લોરેન્સ જોસેફ એલિસનની આત્મવિશ્વાસથી છલોછલ ભરેલી કહાની જીવનમાં ઉતારવા જેવી છે. અવિવાહિત મહિલાની કોખે મેક્સિકોમાં જન્મેલા લેરીનું બાળપણ ખૂબ કષ્ટમય રહ્યું. સ્ટેટ આર્મી એર કોર્પ્સમાં પાયલોટ પીતા લોરેંસ-લેરીને હંમેશા ધિક્કારતાં. માસી પાસે ઉછરેલા લેરીને ચીલાચાલુ શિક્ષણ પ્રણાલિમાં ક્યારેય રસ ન પડ્યો. અને ઉપરથી પારિવારિક રીતે દુ:ખી અને ત્રસ્ત બાળક લેરીના બુલંદ આત્મવિશ્વાસે એને જીવનના સર્વોચ્ચ શિખરે પહોંચાડ્યો. કોમ્પ્યુટર લેંગ્વેજના ટેકનિકલ ક્ષેત્રે આગળ વધવાનો લોરેન્સનો દ્રઢ નિર્ધાર યુવાન થતાં સુધીમાં ઊગી નીકળ્યો.

૧૯૭૭માં સોફ્ટવેર ડેવલપમેન્ટ લેબોરેટરીની લેરીએ સ્થાપના કરી. અને એ પછી પાછળ વળીને લેરીએ જોયું નથી. આજે તો ફોર્બ્સની વિશ્વના ફીલેન્ડથ્રોપીસ્ટની સૂચિમાં લેરી વિશ્વના ચારસો સૌથી અમીર વ્યક્તિઓમાં સ્થાન ધરાવે છે. જીવનના અત્યંત કપરા કાળમાં ઉછરેલા લેરીના દુનિયામા ઉભા થયેલા વજુદના મુળમાં દ્રઢ આત્મવિશ્વાસ છે.

જીવનમાં આગળ વધવા માટેનું રહસ્ય આત્મવિશ્વાસ છે. જે વ્યક્તિને પોતાના પર વિશ્વાસ છે એ વ્યક્તિની ઉપર દુનિયા ભરોસો કરતાં ખચકાતી નથી. જેનામાં આત્મવિશ્વાસનો અભાવ છે એની ઉપર વિશ્વાસ રાખવાની કોણ હિંમત કરશે ? સફળ થયેલાં અને બુલંદીઓ ઉપર બેઠેલા લોકોના બે સારા શબ્દો આત્મવિશ્વાસને વધુ બળવત્તર બનાવતાં હોય છે. પોતાના કાર્યો ઉપર અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ. જીવનમાં જે લક્ષ્ય નિર્ધારીત કર્યો હોય એ પ્રાપ્ત કરવા માટે કોઈ વિચાર, આચાર, ભૌતિક સાધન સામગ્રી, અન્ય કોઈનો સહકાર જેવી બાબતો કરતાં આત્મવિશ્વાસ સૌથી મહત્વનું પરિબળ બનતું હોય છે. મહાન કાર્યોનું પ્રથમ પગલું આત્મવિશ્વાસ જ હોય છે. આત્મવિશ્વાસ હારને પણ જીતમાં બદલી નાખે છે.

**ધબકાર**

**જેટલું વિચાર્યું છે એનાથી વધુ પ્રયાસ થાય પછી તકદીરને રૂઠવુ હોય તો ભલે રૂઠે પણ આત્મવિશ્વાસનું બળ હિંમત ક્યારેય નહી તુટવા દે.**